**<u>મે. અંકલેશ્વરનાં ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું. અંકલેશ્વર</u>**

ક્રિમી.કેસ.નં. ૩૪૮૦/૨૦૨૫
આંક–

ફરીયાદી :– સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :– (૧) ભરતભાઈ કસનાભાઈ બારૈયા
(૨) અશોકભાઈ ગુલાબજી મારવાડી
(૩) હરીચંદ્રભાઈ મિઠુભાઈ ખરડી
(૧૦) ઈરફાન અકબર શેખ

**ગુનો : જુગાર ધારા કલમ:–૧૨ મુજબ.**

**<u>:: ચૂકા દો ::</u>**

**(૧)** આ કામે ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે,તા.૨૧/૦૬/૨૦૨૫ ના કલાક ૨૦:૩૦ વાગ્યા દરમ્યાન આ કામના આરોપીઓ મોજે પ્રતીન ચોકડી પાસે આવેલ વેલકમ હોટલની પાછળ અવોલ શોપીંગ પાસે ખુલ્લામા ગે.કા.નો ગંજીફાના પત્તા પાના– પૈસા વડે હારજીતનો અંદર બહારનો જુગાર રમતા પકડાઈ જઈ તેની અંગઝડતીના રોકડા રૂા.૧૦૪૯૦/– તેમજ દાવ ઉપરના રોકડા રૂા.૨૪૫૦/– મળી કુલ રોકડા રૂા.૧ ૨,૯૪૦/– તથા જુગારના સાધનો (પત્તા–પાના નંગ–૫૨ તથા પાથરણુ–૧) ની કિ.રૂા.૦૦/– તથા એંડ્રોઈડ મોબાઈલ નંગ–૪ જેની કુલ કિ.રૂા.૨૦,૦૦૦/– તથા એક કીપેઈડ મોબાઈલ જેની કિ.રૂા.૫૦૦/– મળી કુલ કિ.રૂા.૩૩,૪૪૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો કરેલ જે અંગેની અંકલેશ્વર બી ડિવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૬૧૨૫૦૫૪૬ / ૨૦૨૫ થી ફરીયાદ નોંધાતા ફરીયાદ દાખલ કરી આરોપીઓ સામે ચાર્જશીટ સાથે રજુ કરાતા આરોપીઓને બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ પેપર્સ આપવામાં આવેલ ત્યારબાદ આરોપીઓ દવારા ગુન્હો કબુલાત કરવાની ઈચ્છા દર્શાવતી પુરસીસ આપવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ સામે ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે, જે સંબંધની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં પણ આરોપીઓએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે, જેથી આરોપીઓને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો

કબુલ કરતા તેઓ બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપીઓ તર્ફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવે છે.વધુમા, આરોપીઓ તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેઓને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે, જેથી દયા કરવા અરજ કરેલ છે.

નામ.ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧).જી.એલ.આર.પાના નંબર ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીશચંદ્ર ઠાકોરના કેસમાં એવો સીધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ,સદરહું ચુકાદામાં પાના નંબર ૭૨૧ .૫૨ પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે, તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે, જેથી આરોપીઓની સ્થિતિ અને દંડ કરવો જોઈએ, તેમ હું નમ્રપણે માનુ છુ, જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હુ નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–//હુકમ//–**

૧. આ કામના આરોપી નં. ૧ થી ૩ તથા આરોપી નં.૧૦ નાઓને બી.એન. એસ. એસ. કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારા કલમ– ૧૨ મુજબના ગુનામા આરોપી/આરોપીઓને તકસીરવાન ઠરાવી, આરોપીને/ આરોપી દિઠ રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરા એમ કુલ રૂા.૮૦૦/– (અંકે રૂપીયા આઠ સો પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરેતો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આરોપી નં. ૪ થી ૯ તથા આરોપી નં.૧૧ પુરતો કેસ ઉભો રાખવામાં આવે છે.

૩. મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઉપરોકત ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વી.વી. શુકલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર
કોડ નં.જી.જે.૦૧૩૪૩